પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૧૦ | ૨૨ જાન્યુઆરી, ૨૦૨૦, બુધવાર; પોષ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સીએએ કોઈપણ ભોગે પરત નહી : અમિત શાહ

**સીએએના સમર્થનમાં ઉત્તર પ્રદેશના લખનઉમાં અમિત શાહની રેલી, વિપક્ષ પર પ્રહાર : સીએએ અંગે વિરોધી પાર્ટીઓ દુષ્પ્રચાર અને ભ્રમ ફેલાવી રહી છે, આ કારણે બીજેપી જન જાગરણ અભિયાન ચલાવી રહી છે. આ અભિયાન દેશને તોડનારા લોકો વિરુદ્ધ છે : જેએનયુ મુદ્દે શાહ ગરજ્યા, આંખના આંધળા અને કાનના બહેરા લોકોને પાક.માં અલ્પસંખ્યકો પર અત્યાચાર નથી દેખાતો**




નવી દિલ્હી,તા. ૨૧

નાગરિક સુધારા કાનૂન (સીએએ)ના સમર્થનમાં મંગળવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌમાં એક જનસભાને સંબોધન કર્યું હતું. અમિત શાહે પોતાના ભાષણની શરૂઆત ભારત માતા કી જયના નારા સાથે કરી હતી. અમિત શાહે સમાજવાદી પાર્ટી, કોંગ્રેસ, બહુજન સમાજ પાર્ટી, તૃણમુલ કોંગ્રેસને નાગરિકતા કાનૂનને લઈને થઈ રહેલી હિંસા માટે જવાબદાર ઠેરવ્યા હતા. અમિત શાહે કહ્યું હતું કે, નાગરિકતા કાનૂન વિરુદ્ધ પ્રચાર કરવામાં આવી રહ્યો છે કે આના લીધે દેશના મુસ્લિમોની નાગરિકતા છીનવાઈ જશે. મમતા દીદી, રાહુલ બાબા, અખિલેશ યાદવ ચર્ચા કરવા માટે સાર્વજનિક મંચ શોધી કાઢે, અમારા સ્વતંત્ર દેવ ચર્ચા કરવા માટે તૈયાર છે. સીએએની કોઈપણ ધારા, મુસ્લિમો છોડ દો, અલ્પસંખ્યક છોડ દો કોઈપણ વ્યક્તિની નાગરિકતા લઈ શકે છે તો તે મને બતાવી દો. અમિત શાહે કહ્યું હતુ કે, નહેરુજીએ કહ્યું હતું કે, કેન્દ્રીય રાહત ભંડોળનો ઉપયોગ શરણાર્થીઓને રાહદ આપવા માટે કરવો જોઈએ. તેમને નાગરિકતા આપવા માટે જે પણ કરવું જોઈએ તે કરવું પડે પરંતુ કોંગ્રેસે કશું જ કર્યું નથી. તેમણે કહ્યું હતું કે, બે

● અનુસંધાન પાન-૭ પર

# ૬ કલાકની લાંબી પ્રતિક્ષા બાદ કેજરીવાલે ઉમેદવારીપત્ર ભર્યુ

**ભારતના રાજકીય ઈતિહાસમાં પ્રથમવાર કોઈ મુખ્યમંત્રીને ઉમેદવારી પત્ર ભરવા માટે ૬ કલાક પ્રતિક્ષા કરવી પડી હોય એવી પહેલી ઘટના**



ન્યુ દિલ્હી,તા.૨૧

દેશના ચૂંટણીના ઈતિહાસમાં કદાજ એવુ પહેલીવાર થઈ રહ્યું છે કે કોઈ એક મુખ્યમંત્રી ફરીથી ઉમેદવારી ના કરી શકે તે માટે એવી કોઈ રણનીતિ અપનાવવામાં આવી રહી હોય કે જેમાં તેઓ ઉમેદવારી ભરવાના છેલ્લા દિવસે એવા સંજોગોનું નિર્માણ થાય કે તેઓ ઉમેદવારી જ કરી ન શકે...!

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ આજે છેલ્લાં દિવસે વિધાનસભા ચૂંટણી માટે નવી દિલ્હી બેઠક માટે ઉમેદવારી પત્ર ભરવા ગયા તેમને અને તેમની પાર્ટીના નેતાઓને એવું સહેજ પણ ના લાગ્યું કે જ્યારે ચૂંટણી પંચ દ્વારા તેમને ૪૫ નંબરનો ટોકન આપીને રાહ જોવા કહેવામાં આવ્યું તે કોઈ સામાન્ય બાબત છે કે

● અનુસંધાન પાન-૭ પર

# રાજસ્થાનમાં કાતિલ ઠંડીનુ મોજુ

**રાજસ્થાનના સિકરમાં સૌથી વધારે ઠંડી : પારો બે ડિગ્રી સુધી પહોંચ્યો જનજીન પર પ્રતિકુળ અસર : ઉત્તર ભારતમાં ધુમ્મસ અને તીવ્ર ઠંડીથી હાલત કફોડી બની**

નવી દિલ્હી,તા. ૨૧

ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી અને ધુમ્મસની સ્થિતી ફરી એકવાર જોવા મળી રહી છે. સૌથી વધારે કફોડી હાલત હાલમાં રાજસ્થાનમાં જોવા મળી રહી છે. જ્યારે કેટલાક વિસ્તારોમાં પારો એકથી ચાર ડિગ્રી વચ્ચે પહોંચી ગયો છે. સિકરમાં લોકોની હાલત કફોડી બનેલી છે. રાજસ્થાનના કેટલાક ભાગોમાં પારો નોર્મલ કરતા ઓછો રહ્યો છે. હાલમાં કોઈ રાહત નહી મળે તેવી વાત તંત્ર દ્વારા કરવામાં આવી છે. સિકરમાં પારો ઘટીને બે ડિગ્રી સુધી નીચે પહોંચી ગયો છે. જેથી જનજીવન પર અસર થઈ છે. ચુરુમાં ચાર અને પિલાનીમાં પારો ૪.૨ ડિગ્રી રહ્યો છે. ઉત્તરપ્રદેશ, હરિયાણા, પંજાબમાં પણ તીવ્ર ઠડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર પશ્ચિમ રાજસ્થાન, ઉત્તર પૂર્વ મધ્યપ્રદેશ અને ઉત્તર ચંદીગઢમાં કાતિલ ઠંડી અને ધુમ્મસની સ્થિતી જોવા મળી રહી છે. ધુમ્મસ અને કાતિલ ઠંડીના કારણે ટ્રેન અને વિમાની સેવાને અસર થઈ છે. રાજસ્થાનના ચુરુમાં તાપમાન

● અનુસંધાન પાન-૭ પર



# વન નેશન, વન રાશન કાર્ડ યોજના દેશમાં પહેલી જુનથી

**એક જ રેશનિંગ કાર્ડનો ઉપયોગ તમામ જગ્યાએ : પાયલોટ પ્રોજેક્ટને ચાર રાજ્યોમાં અમલી કર્યા બાદ હવે દેશભરમાં યોજના લાગુ કરી દેવાશે**

નવી દિલ્હી,તા. ૨૧

દેશમાં પહેલી જુનથી વન નેશન વન રાશન કાર્ડ યોજના



લાગુ કરવામાં આવનાર છે. કેન્દ્રિય નાણાંપ્રધાન રામવિલાસ પાસવાને કહ્યુ છે કે યોજના હેઠળ ગ્રાહકો એક જ રેશનિંગ કાર્ડનો ઉપોગ દેશભરમાં કોઈ પણ જગ્યાએ કરી શકે છે. તેમણે કહ્યુ હતુ કે અમે પહેલી જુનના દિવસથી આ યોજનાને દેશભરમાં લાગુ કરવા જઈ રહ્યા છીએ. આ પહેલા ગયા વર્ષે કેન્દ્રિય પ્રધાને વન નેસન વન રાશન કાર્ડ યોજના પાયલોટ પ્રોજેક્ટના આધાર પર દેશના ચાર રાજ્યોમાં અમલી કરવામાં આવી હતી. જે હેઠળ આંધ્રપ્રદેશ, તેલંગાણા અને ગુજરાત તેમજ મહારાષ્ટ્રની વચ્ચે કાર્ડ પોર્ટેબિલીટીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. હવે એક જ રેશનિંગ કાર્ડ દેશભરમાં લાગુ થઈ શકે છે. પહેલી જુનના દિવસથી આ યોજના દેશભરમાં લાગુ કરવામાં આવનાર છે. આ યોજના અમલી કરવામાં આવ્યા બાદ કોઈ પણ રાજ્યના રાશનકાર્ડ ધારક અન્ય રાજ્યોમાં રેશનિંગની દુકાનોથી સસ્તા દરે ચોખા અને ઘઉંની ખરીરી કરી શકશે. સરકાર માની રહી છે કે આના કારણે ભ્રષ્ટાચાર પર અંકુશ મુકવામાં મદદ મળી શકે છે. સાથે સાથે રોજગાર અને અન્ય કારણોસર એક જગ્યાથી બીજી જગ્યાએ જતા લોકોને સબસિડીવાળા રેશનિંગકાર્ડથી વંચિત રહેવાની ફરજ પડશે નહીં.

આ ફેરફારના કારણે એક કરતા વધારે કાર્ડ રાખવાની શક્યતા પણ ખતમ થઈ જશે. સરકારની આ પહેલને લઈને પણ સામાન્ય લોકો અને ગરીબ વર્ગને મોટી રાહત મળવાની શક્યતા છે.

## એસપી દેવેન્દર સિંઘના તમામ મેડલો જપ્ત થયા

ન્યુ દિલ્હી,તા.૨૧

જમ્મુ કશ્મીરમાં હિંસા ફેલાવતા હિઝબુલ મુજાહિદીન આતંકવાદીઓ સાથે ૧૫મી જાન્યુઆરીએ ઝડપાયેલા પોલીસ સુપરિટેન્ડન્ટ દેવેન્દર સિંઘના તમામ મેડલ્સ જપ્ત કરાયા હતા. એને અત્યાર અગાઉ મળેલાં તમામ સન્માન પણ પાછાં ખેંચી લેવામાં આવ્યાં હતાં. લોકશાહીના મંદિર સમાન સંસદ ભવન પર હુમલો કરનારા આતંકવાદીઓ સાથે પણ દેવેન્દર સિંઘ ભળેલો હતો.

રસપ્રદ વિગત તો એ છે કે એ એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડમાં હતો ત્યારે એની કાર્યક્ષમતા જોઈને એને પ્રમોશન અપાયાં હતાં. હાલ જે પોલીસ અધિકારીઓને પ્રમોશન આપવાનાં હતાં તેમની યાદીમાં દેવેન્દર પણ હતો.

ગયા શુક્રવારે ૧૫મી જાન્યુઆરીએ જે આતંકવાદી ઝડપાયા એમની સાથે દેવેન્દર પણ હતો. સંસદ ભવન પર હુમલામાં સંડોવાયેલા મનાતા અને ફાંસીની સજા પામેલા અફઝલ ગુરુએ ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટમાં રજૂ કરેલી એફિડેવિટમાં પણ દેવેન્દર સિંઘનું નામ હતું.

# સેંસેક્સ વધુ ૨૦૫ પોઈન્ટ ઘટ્યો : બજારમાં નિરાશા

મુંબઈ, તા.૨૧

આર્થિક સુસ્તી અને કંપનીઓના નિરાશાજનક પરિણામોના કારણે સેંસેક્સમાં સતત બીજા દિવસે ઘટાડો રહ્યો હતો. સેંસેક્સ આજે ૨૦૫ પોઈન્ટ અથવા તો ૦.૪૯ ટકા ઘટીને ૪૧૩૨૩ની સપાટીએ રહ્યો હતો. આવી જ રીતે નિફ્ટી ૫૫ પોઈન્ટ અથવા તો ૦.૪૫ ટકા ઘટીને ૧૨૧૬૯ની સપાટીએ બંધ રહ્યો હતો.

## પ્રથમ માસીક પુણ્યતિથી



શ્રી કિર્તીભાઈ વિઠ્ઠલદાસ સુખડીયા



શ્રી ચેતનભાઈ ચંદ્રકાન્તભાઈ સુખડીયા

જીવન એવું જીવી ગયા કે લોકો ફરી ફરી ને યાદ કરે,
કાર્યો સદાય એવા કર્યા કે મન અને હ્રદય માં ગૂંચાયા કરે,
દુ:ખ થી કદી ડર્યા નહીં વ્યવહાર કદી ચૂક્યા નહીં,
સુખ અને દુ:ખ માં સદાય હસતા પરોપકારી અને
નિસ્વાર્થ જીવન જીવી ગયા એમના આત્મા ને
અંજલિ તેમજ શાન્તિ મળે એજ રાધારાણી ને અમારી પ્રાર્થના

જય રાધે

SINCE 1977
वृन्दावन
Vraj ni Madhurta

વિઠ્ઠલદાસ પિતાંબરદાસ સુખડીયા પરિવાર

## બેસણું



અમારા પુત્રવધુ અને પૂર્વ સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી મનુભાઈ ભીખાભાઈના ધર્મપત્ની શ્રીમતી સુશીલાબેન મનુભાઈ પટેલ (રીદ્રોલવાળા) તા.૧૯-૦૧-૨૦૨૦ ના રોજ દેવલોક પામ્યાં છે. સદ્ગતનું બેસણું તા.૨૩-૦૧-૨૦૨૦ ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ઉમિયા માતાની વાડી, કલેક્ટર કચેરીની સામે, ઘ-રોડ, સેક્ટર-૧૨, ગાંધીનગર

લિ.
પટેલ ભીખાભાઈ ભગવાનદાસ (રીદ્રોલવાળા)
પટેલ મનુભાઈ ભીખાભાઈ (મો.૯૪૨૬૩૫૯૫૧૪)
(પૂર્વ સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન ગાંધીનગર મ.ન.પા.)
(ડીરેક્ટર ગાંધીનગર.નાગરિક. કો. ઓ. બેંક. લી.)
(ડીરેક્ટર ગુજરાત અર્બન કો. ઓ. બેંક. ફેડરેશન)
પટેલ નરેન્દ્રકુમાર ભીખાભાઈ (નાગરિક બેંક)
પટેલ દશરથભાઈ ભીખાભાઈ (મીત પેપર ટ્રેડીંગ)
પટેલ મૌલિક મનુભાઈ (ઓસ્ટ્રેલિયા)
પટેલ ચિંતન નરેન્દ્રભાઈ (ઓસ્ટ્રેલિયા)
પટેલ મિત દશરથભાઈ (ઓસ્ટ્રેલિયા)
પટેલ અમી સચિનકુમાર (પુત્રી)

રીદ્રોલ મુકામે બેસણું તા.૨૩-૦૧-૨૦૨૦ ના રોજ નીચેના સ્થળ અને સમયે રાખેલ છે.
સ્થળ : શ્રી ઉમિયા વાડી, ઠે.પરામા, મુ.રીદ્રોલ તા.માણસા, જી.ગાંધીનગર
સમય : બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાકે

# અવંતીપોરમાં ભારતીય સેનાએ બે આતંકવાદીઓને ઠાર કર્યા

અવંતીપોરા,તા.૨૧

જમ્મુ-કાશ્મીરના અવંતીપોરામાં સુરક્ષાકર્મીઓ અને આતંકવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી. આ અથડામણમાં ભારતીય સેનાને બે આતંકવાદીઓને ઠાર કરવામાં સફળતા મળી છે. આ કાર્યવાહીમાં એક જવાન શહીદ થયો છે અને એક એસપીઓ ઈજાગ્રસ્ત થયા છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225